ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબારી યાદી</u> તા.૦૧/૦૮/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી
ભાવનગર.

## નેશનલ સાયન્સ સેમિનાર–૨૦૧૫ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર–૨૦૧૫ યોજાયો.

નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુઝિયમ, મુંબઈ તથા નહેરુ સાયન્સ સેન્ટર, મુંબઈ દ્વારા નેશનલ સાયન્સ સેમિનાર–૨૦૧૫ કાર્યક્રમનાં ભાગ રૂપે ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા **તા.૧ ઓગષ્ટ, ૨૦૧૫ શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૪:૦૦ દરમિયાન મેડીકલ કોલેજ, એસ.ટી.બસસ્ટેન્ડ પાછળ, ભાવનગર** ખાતે **<u>'પ્રકાશનો ઉપયોગ, શકયતાઓ અને પડકારો'</u>** (**HARNESSING LIGHT : POSSIBILITIES & CHALLENGES**) વિષય પરસાયન્સ સેમિનાર યોજાયેલ. જેમાં પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગના કુલ મળીને ૮૬ શાળાઓના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનારના ઉદઘાટન કાર્યક્રમમાં શ્રી સતીષભાઈ ત્રિવેદી (શાસનાધિકારી ન.પ્રા.શિક્ષણ સમિતિ, ભાવનગર),શ્રી મહેન્દ્રભાઈ પટેલ (નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ભાવનગર), શ્રી ભરતભાઈ નાકરાણી (જ્ઞાન મંજરી સ્કુલ, ભાવનગર) ડૉ.એસ.પી. ભટ્ટનાગર (H.O.D ફિઝિક્સ ડિર્પા. એમ.કે.બી યુનિ. ભાવનગર) શ્રી પરેશભાઈ ત્રિવેદી (પ્રેસીડેન્ટ કલ્યાણ ફાઉન્ડેશન) ડૉ.ભાવેશભાઈ ભરાડ ( ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર) ઉપસ્થિત રહીને **<u>પ્રકાશના સંદર્ભમાં જાગૃતિ કેળવવાનો અભ્યાસ એટલે સેમિનાર</u>** તેમ સમજાવી વિધાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

આ જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનાર–૨૦૧૫ કાર્યક્રમમાં પ્રથમ ક્રમાંકે શ્રી <u>વીરા મીત,</u> આર. યુ. રાંભિયા સ્કુલ, સોનગઢ, દ્વિતિય ક્રમાંકે <u>ખોખાણી આયુષ,</u> શ્રી વાલમ માધ્યમિક શાળા, ગારીયાધાર તથા ત્રીજા ક્રમાંકે <u>સોનાલી મહેતા,</u> ફાતિમા કોન્વેન્ટ હાઈસ્કુલ, ભાવનગરના આવેલ. ભાગ લેનાર દરેક સ્પર્ધકો ને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. વિજેતા વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ યોજાનાર સ્પર્ધામાં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા લોક વિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવેલ.

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.